# JIVAN SANDESH MINISTRIES

Beulah Alliance Church Compound, Maninagar (E), Ahmedabad - 380 008. Gujarat INDIA

E-mail : jsm2277@gmail.com, Web : www.jivansandesh.org


Go....Make Disciples

Merry

# Christmas

&

HAPPY NEW YEAR


Women Bible Quiz
Women Retreat
CNI Church Anand
JSM Family Gethering

# જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ

બેઉલાહ અલાયન્સ ચર્ચ કમ્પાઉન્ડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮. ફોન : ૨૨૭૭૪૩૦૫
E-mail - jsm2277@gmail.com, Website : www.jivansandesh.org

**"હે મારા આત્મા યહોવાની સ્તુતિ કર"**
(ગી.શા. ૧૪૬:૧)

ખાનગી વિતરણ માટે

## ડિસેમ્બર - ૨૦૨૪

Go....Make Disciples

## દર્શન વિધાન

''ખોવાયેલાઓને શોધવા તથા શોધેલાઓને શિષ્ય બનાવવા.''

## સેવાકાર્યો

- ★ મલ્ટીમિડીયા સેવા
- ★ પદ્ધતિસરનું ફોલોઅપ
- ★ શિષ્યપણાની તાલીમ
- ★ યુગલ સમૃદ્ધિ શિક્ષણ
- ★ નારી જીવન સંચાર

## સેવાકાર્ય વિધાન

- ★ જેઓ સત્યની શોધ કરી રહ્યાં છે તેઓને સરળતાથી, સ્પષ્ટતાથી તથા અધિકાર સાથે પદ્ધતિસર ઈશ્વરનાં વચનો શીખવવા.
- ★ જેઓને પ્રભુ ઈસુની (સત્યની) અંગત ઓળખ થઈ છે તેઓને આધ્યાત્મિક પરિપક્વતા તરફ વૃદ્ધિ આપવા માટે તથા આધ્યાત્મિક નેતાગીરી માટે તાલીમ આપવી અને સુસજ્જ કરવા.

**પ્રિય પ્રાર્થના મિત્રો,**

પ્રભુમાં વ્હાલા ભાઈ-બહેનો પ્રભુના ગૌરવી નામમાં પ્રેમી સલામ.

જીવન સંદેશની સેવાઓ માટે આપની પ્રાર્થના અને દાનો માટે આપના આભારી છીએ. વર્ષ ૨૦૨૪ની પૂર્ણાહુતિમાં આપણે આવી પહોંચ્યા છીએ સાથે નવું વર્ષ ૨૦૨૫ સામે જ આવી રહ્યું છે. ત્યારે હાલનાં સાંપ્રત કાળમાં જીવન જીવવું મુશ્કેલ બનતું જાય છે. ખાસ કરીને પ્રભુને ઓળખનાર વ્યક્તિ તરીકે પોતાનું જીવન પ્રદર્શિત કરવું અઘરું બનતું જાય છે. પ્રભુના સેવક પાઉલ પોતાના પત્રોમાં વારંવાર એક વાત નોંધે છે. પ્રભુને ઓળખનાર વ્યક્તિ શિષ્ય તરીકે પોતાની કરણીઓથી આધ્યાત્મિક ઓળખાણ અથવા છાપ બીજા વ્યક્તિઓ પર ઊભી કરવી.

આ જ વાત આપણને માથ્થી ૫:૧૬ અને પ્રભુના શિષ્ય પિતર તેના પહેલા પત્રના ૨ જા અધ્યાયની અગિયારમી કલમમાં જણાવે છે. ''અનેવિદેશી લોકોમાં તમે તમારાં આચરણ સારાં રાખો, જેથી તેઓ તમને દુષ્ટ સમજીને તમારી વિરુદ્ધ બોલે ત્યારે તેઓ તમારાં સારાં કામ જોઈને ન્યાયકરણને દિવસે ઈશ્વરની સ્તુતિ કરે.''

અહીં અગત્યના શબ્દો ''આચરણ'', ''સારાં કામ''ની વાત કરી છે. જે લોકો તમારાં વિરુદ્ધ છે અથવા તમારા કાર્યો કે જીવન સંબંધી વિરોધાભાસ ઉભો કરી રહ્યા છે તેઓ માટે જણાવે છે કે, એ જ લોકો પ્રભુના ન્યાય કાળના દિવસે કહે છે એ જ લોકો પ્રભુની સ્તુતિ કરશે. કેટલી અજબ વાત કરી છે.

ઉપરની વાતને વધુ સ્પષ્ટ કરીએ તો હાલના આ સમયમાં આપણી આજુ બાજુ દૃષ્ટિ કરીએ તો બે પ્રકારની વ્યક્તિઓ જોવા મળે...એવા વ્યક્તિઓ જે પ્રભુની ઓળખ પ્રાપ્ત કરેલી છે અને પ્રભુ સાથેના સીધા સંબંધમાં છે અને સારાં કાર્યો પણ કરે છે. આ બંને પ્રકારની વ્યક્તિઓ એવી છે કે જે પ્રભુ સાથે સંબંધ ન હોવા છતાં સારાં કાર્યો કરે છે. આ બંને પ્રકારના લોકો ઘણીવાર જોઈએ છીએ તો કોઈપણ પ્રકારની લાલસા વગર સારાં કાર્યો કુટુંબ મધ્યે, મંડળી મધ્યે, સમાજ મધ્યે કરે છે. જેમાં ઘણાં ખરા દેખીતી રીતે કરતાં હોય, ઘણાં ખરાં અનદેખી રીતે આવા કાર્યો કરે છે. પરંતુ બીજા પ્રકારના લોકોમાં જે ગેર સમજ છે તે એ તેઓ આ સારાં કાર્યો દ્વારા અમે પ્રભુની ઓળખમાં છીએ અથવા અમારા કાર્યો કરવાથી પ્રભુ ખુશ થાય અને આવા પ્રકારના એક સંતોષી જીવન જીવતા હોય છે. અને એમાં ઘણીવાર આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં આગેવાની વાત પણ આવી જાય છે. પરંતુ મિત્રો યોહાન ૧ અને ૧૨માં જણાવ્યા મુજબ 'પણ જેટલાંએ તેનો અંગીકાર કર્યો, એટલે જેટલાં તેના નામ પર વિશ્વાસ કરે છે, તેટલાંને તેણે ઈશ્વરના છોકરાં થવાનો અધિકાર આપ્યો.' જો અંગીકાર અને વિશ્વાસ નથી તો સારાં કાર્યો મેલાં ચીંથરાં સમાન છે.

બીજું પણ પાસું છે પ્રેરિત રોમનની મંડળીને સારા શિષ્ય અને પ્રભુની મંડળીના લોકો તરીકે કે જેઓ ખ્રિસ્તના શરીરના ભાગિયા છે તેઓને સંબંધીને લખે છે આ વાત અવિશ્વાસીઓ કે વિદેશીઓને સંબંધી નથી. રોમનોને પત્ર ૧૨:૯ થી ૧૭ કલમોમાં ઘણું લાંબુ લિસ્ટ પ્રેરિત પાઉલ રોમનોની મંડળીને જણાવે છે.

૯ (તમારો) પ્રેમ ઢોંગ વગરનો હોય, જે ભૂંડું છે તેને ધિક્કારો, જે સારું છે તેને વળગી રહો. ૧૦ ભાઈઓ પ્રત્યે જેવો પ્રેમ ઘટે છે તેવો ગાઢ પ્રેમ એકબીજા પર રાખો. માન (આપવા)માં પોતાના કરતાં બીજાને અધિક ગણો. ૧૧ ઉદ્યોગમાં આળસુ ન થાઓ. આત્મામાં ઉત્સાહી થાઓ. પ્રભુની સેવા કરો. ૧૨ આશામાં આનંદ કરો. સંકટમાં ધીરજ રાખો. પ્રાર્થનામાં લાગુ રહો. ૧૩ સંતોની જરૂરિયાતો પૂરી પાડો. પરોણાગત કરવામાં તત્પર રહો.

૧૪ તમારા સતાવનારાઓને આશીર્વાદ આપો, આશીર્વાદ જ આપો, અને શાપ આપતા નહિ. ૧૫ આનંદ કરનારાઓની સાથે આનંદ કરો. રડનારાઓની સાથે રડો ૧૬ અરસપરસ એક દિલના થાઓ. તમારું મન મોટી મોટી બાબતો પર ન લગાડો, પણ નમ્ર ભાવે દીનોની કાળજી રાખો. તમે પોતાને બુદ્ધિમાન ન સમજો.

૧૭ ભૂંડાઈને બદલે ભૂંડું ન કરો. બધાં માણસોની નજરમાં જે શોભે છે, તે (કરવાને) કાળજી રાખો, ૧૮ જો બની શકે, તો ગમે તેમ કરીને બધાં માણસોની સાથે હળીમળીને ચાલો. ૧૯ ઓ વહાલાઓ, તમે સામું વૈર ન વાળો, પણ (ઈશ્વરના) કોપને માટે માર્ગ મૂકો, કેમ કે લખેલું છે, "પ્રભુ કહે છે કે, વૈર વાળવું એ મારું (કામ) છે, હું બદલો લઈશ. ૨૦ પણ જો તારો વૈરી ભૂખ્યો હોય તો તેને ખવડાવ, જો તરસ્યો હોય તો તેને (પાણી) પા, કેમ કે એવું કરવાથી તું તેના માથા ઉપર ધગધગતા અંગારાના ઢગલા કરીશ." ૨૧ ભૂંડાથી તું હારી ન જા, પણ સારાથી ભૂંડાનો પરાજય કર.

વ્હાલા ભાઈઓ અને બહેનો ઉપરોક્ત કલમોમાં પ્રભુને ઓળખનાર વ્યક્તિઓ તરીકે જીવન જીવવા માટે પ્રેરણા રૂપ નિયમો આપેલ છે. જો પ્રભુનું બાળક છે તો આજ રીતે સારા કાર્યો કરવાની પ્રભુ અપેક્ષા રાખે છે, અને આવા કાર્યો થકી જ આપણે લોકોની અને પ્રભુની નજરમાં ન્યાયી ઠરી શકીશું.

પ્રભુ આપને આશિષ આપે.

ખ્રિસ્તમાં સાથી સેવક,

**શ્રી ઈનોક ક્રિશ્ચિયન**

ડાયરેક્ટર-જીવન સંદેશ મિનીસ્ટ્રી

## જીવન સંદેશ મલ્ટીમિડીયા સેવા

**જીવન સંદેશ યુ ટ્યૂબ ચેલન :** પ્રભુનો આભાર માનીએ છીએ જીવન સંદેશ સેવાને એક મિડીયાની સેવા દ્વારા શરૂઆત કરવામાં આવી અને આ સેવા સિમીત ન રહેતાં સમગ્ર વિશ્વમાં આપણે યુ ટ્યુબ ચેનલ દ્વારા અને એપ્લીકેશન દ્વારા પહોંચી શક્યા છીએ માટે પ્રભુનો આભાર માનીએ છીએ. જીવન સંદેશ યુ ટ્યુબ ચેનલ પરથી દર શનિવારે રાત્રે ૮:૦૦ કલાકે ઑક્ટોબર માસમાં અને નવેમ્બર માસના જુદા જુદા સેશનના વિડીયો તેમજ નાતાલ નવા વર્ષના ગીતો તૈયાર કરવામાં આવી રહેલ છે.

**Jivan Sandesh Youtube**

| Month | Series | Episodes |
|---|---|---|
| Oct. | પ્રભુની મંડળીના સહકર્મીઓ | 03 |
| | Great Promises in the Old Testament | 01 |
| Nov. | Great Promises in the Old Testament | 05 |
| | Great Promises in the Old Testament | 02 |
| Dec. | નાતાલ ગીત | 01 |
| | નવા વર્ષનું ગીત | 01 |

**જીવન સંદેશ એપ્લીકેશન :** જીવન સંદેશ એપ્લીકેશનને સમગ્ર વિશ્વમાંથી જુદા જુદા દેશોમાંથી લોકો જીવન સંદેશના પ્રસારણો સાંભળવામાં આવી રહ્યાં છે, માટે પ્રભુનો આભાર માનીએ છીએ. જીવન સંદેશ દ્વારા તૈયાર કરેલ ગીતો અને વચન થકી આપણે રોજ લોકોના જીવનોને સ્પર્શી શકીએ છીએ માટે પ્રભુના આભારી છીએ.

જુલાઈ-૨૦૨૪ થી ઑક્ટોબર-૨૦૨૪ સુધીમાં કુલ ૧૬ દેશોમાંથી ૩૩૬૦ વખત જીવન સંદેશ એપ્લીકેશન સાંભળવામાં આવી માટે પ્રભુનો આભાર માનીએ છીએ.

**Jivan Sandesh Application**

| Month | Series | Episodes |
|---|---|---|
| Oct. | Daily Devotion | 31 |
| Nov. | Daily Devotion | 30 |
| | પ્રભુની મંડળીના સહકર્મીઓ | 04 |
| Dec. | Daily Devotion | 31 |

## જીવન સંદેશ ફોલોઅપની સેવા

જીવન સંદેશની ફોલોઅપની સેવામાં પડકાર વધી રહ્યા છે ત્યારે આજે પણ લોકો જીવન સંદેશ સાથે સંપર્કમાં છે માટે પ્રભુના આભારી છીએ. હાલના સમયમાં પત્રમિત્રો સાથે ફોન દ્વારા વ્હોટ્સએપ દ્વારા વાતચીત કરવામાં આવે છે તેમના આત્મિક જીવન વિશે ઉત્તેજન આપી રહ્યા છે.

## બહેનો માટે પત્રમિત્ર સેમિનાર-મહિલા શીબીર-૨૦૨૪

જીવન સંદેશની અનન્ય સેવા એ પધ્તિસરનું ફોલોઅપ છે. આ સેવામાં જીવન સંદેશના પ્રસારણો સાંભળીને ઘણા મિત્રો પત્રો દ્વારા એમના પ્રશ્નો જણાવે છે. ત્યારે જીવન સંદેશ તરીકે અમે તેમના પ્રશ્નોનો યોગ્ય પ્રત્યુત્તર આપીએ છીએ અને આમ આ સેવા આજ દિન સુધી ચાલું છે. જીવન સંદેશની આ સેવામાં ઘણાં બહેનો પત્રો મિત્રો તરીકે અમારી સાથે જોડાયેલા છે. આ વર્ષે તેમની માટે મહિલા શીબીર ૨૦૨૪ નું આયોજન કરવામાં આવ્યું.

તા. ૧૪ નવેમ્બર ૨૦૨૪ સાંજ થી તા. ૧૭ નવેમ્બર, ૨૦૨૪ ના બપોરના ભોજન સુધી ક્રિશ્ચિયન આધ્યાત્મિક જીવન કેન્દ્ર ભરૂચ ખાતે આ શીબીર રાખવામાં આવી. આ શીબીરમાં ૫૦ બહેનો ભાગીદાર બની જેમાં તાપી, સુરત, ભરૂચ, આણંદ, નવસારી, વલસાડ જિલ્લાઓના જુદા જુદા ગ્રામ્ય વિસ્તારમાંથી બહેનો આવી હતી.

આ ત્રણ દિવસના સેમિનારનો મુખ્ય આધાર વચન ''પ્રભુને પસંદ પડતું પારખી લો… '' રૂમી ૧૨:૨ (બ) પર કુ. પ્રિયલબેન ક્રિશ્ચિયન દ્વારા પાંચ મનનીય સંદેશા પુરા પાડ્યા હતા તેમજ નારી જીવન સંચારની કોર ગ્રુપની બહેનો શ્રીમતી એલ્મા ક્રિશ્ચિયન, શ્રીમતી જ્યોતિ વ્યાસ તેમજ જીવન સંદેશ સ્ટાફ શ્રી ડેવિડભાઈ ક્રિશ્ચિયન અને શ્રી રેનીસન ક્રિશ્ચિયન દ્વારા જુદા જુદા સૈધ્ધાતિંક શિક્ષણના વિષયો પર શિક્ષણ આપ્યું. તેમજ શ્રીમતી મોનીકાબેન ક્રિશ્ચિયન અને રીંન્કુબેન મિત્રા દ્વારા બપોરના સમયમાં ક્રિએટીવ ટાઈમમાં આગેવાની આપી તેમજ સંચાલનની સેવા સંભાળી.

આ સેમિનારમાં દરેક બહેનોએ ખુબ જ ઉત્સાહથી ભાગીદાર બન્યા ઘણાં બહેનો નવા અને જુવાન હતા તે માટે પ્રભુનો આભાર માનીએ છીએ.

પ્રતિભાવ :

૧. આ સેમિનારમાં હું શીખી શકી કે પ્રભુને પસંદ પડતું શું છે એ જાણવા માટે વચન અને પ્રાર્થના છે. તેમજ પુલના ઉદાહરણ દ્વારા ઈસુને તારનાર તરી કે સ્વિકારવાથી ન્યાયી પણું પ્રાપ્ત થા. છે. કુટુંબમાં સ્રીની જવાબદારી વિષયમાં જુદી જુદી સાત જવાબદારી શીખી શકયા. બીજા દિવસે પવિત્ર આત્માક કેવી રીતી મદદ કરે છે. તેમજ પવિત્રીકરણ નો અર્થ શું છે , પવિત્રીકરણ કોના દ્વારા, કેવી રીતે થાય એ વિશે શીખી શક્યા. ત્રીજા દિવસના વિષયો દ્વારા શીખ્યા કે, વચન વગર શિષ્યપણું શક્ય નથી. આ સેમિનારમાં મેં નિર્ણય લીધો કે ફક્ત પોતાના માટે જ નહિ પરંતુ દરેકના ઉધ્ધાર માટે પ્રાર્થના કરીશું (પ્રિયકુમારી - મીણકચ્છ)

૨. સેમિનાર ના પ્રથમ દિવસે ઈશ્વરને શું ગમે છે? વચન અને પ્રાર્થના બે સાધન છે. એના ફાયદા આનંદ, રસ્તો અને ઈશ્વરની સલાહ છે. પુલનું ઉદાહર દ્વારા ઈશ્વરનો હેતુ, માનવીનો પ્રશ્ન, ઈશ્વરનો ઉપાય, માનવીનો ઉત્તર એ શીખી શક્યા. ન્યાયી કરણ વિષય દ્વારા શીખ્યા કે ઈસુને તારનાર પ્રભુ તરીકે સ્વિકારવું. આપણેીશઅવર દ્વારા અને કૃપા દ્વારા, રક્ત દ્વારા ને પુનુરુત્થાન દ્વારા. કુટુંબમાં સ્રીની જવાબદારી વિષયમાં આત્મિક અને ભૌતિક જવાબદારી શીખવા મળ્યું. ત્રીએક ઈશ્વરના વિષયમાં પિતા પુત્ર પવિત્ર આત્મા ના સત્યોનું પ્રાપ્ત થયું. વચન દ્વારા આપણે જીવન જીવવું ઈશ્વરની આજ્ઞાનું પાલન કરવું અને એ કરવા બીજાને ઉત્તેજન આપવું. આ સેમિનાર ના સત્યો દ્વારા હું શીખી કે અન્ય જાતીના લોકો પણ મારે સુવાર્તા આપવાની છે. વચનની સેવા દ્વારા અમે શીખી કે શુધ્ધ અને પવિત્ર જીવન જીવવું. (પાયલબેન- ગણદેવા નવસારી)

૩. આ ત્રણ દિવસ સેમિનારમાં હું શીખી શકી કે વચનનું મનન કરવાથી આનંદ મળે છે, સલાહ મળે છે. વચનના મનનથી રસ્તો મળે છે. વચનના મનન દ્વારા પ્રાર્થના કરવામાં સહાયતા મળે છે. ઈશ્વરે મારા જીવનમાં મહાન કાર્યો કર્યા છે અને મારી માફી દ્વારા મને નવું જીવન મળ્યું છે. આ સેમિનારમાં મેં નિર્ણય કર્યો છે કે ઈશ્વરના વચનનું મનન કરવું, પરિવાર સાથેનો સંબંધ વધુ મજબુત કરવો, મા-બાપની સેવા કરવી અને પરિવાર સાથે પ્રાર્થનામાં સમય આપવો. (અંકીતાબેન- સોનગઢ, તાપી)

૪. ઈશ્વરની ઈચ્છાજાણી અને તે રીતે કરવાથી આત્મિક સંતુષ્ટિ મળે છે. મનુષ્ય અને ઈશ્વર પિતા વચ્ચેનો સંબંધને જોડવા ઈસુ ખ્રિસ્તના બલિદાન દ્વારા ભરપુર જીવન પ્રાપ્ત થાય છે. કરણીઓ સાથે વિશ્વાસ જરૂરી છે. પવિત્ર આત્માની સહાય વગર દેવ પાસે જઈ શકાતું નથી. પવિત્રી કરણ દ્વારા ઈશ્વર માટે ભૂંડાઈથી દૂર રહેવું, અલગ થવું, તે આપણને આપેલી ભેટ છે. ખ્રિસ્તી જીવનમાં પ્રાર્થના આત્મિક લોકોની સંગત, વચનનું પાલન તેમજ દેવની સુવાર્તા પહોંચવા તત્પર રહેવું. ત્રીએક ઈશ્વરનું માનવની જીવનમાં સુસંગત કાર્ય. ત્રીએક ઈશ્વર પિતા સંપૂર્ણ છે. આ સેમિનારમાં મેં નિર્ણય કર્યો કે હું દેવની ઈચ્છાઓ અને તની આજ્ઞઆઓ પાળવા પવિત્ર આત્માની મદદ માંગીશ તેમજ વચનના મનન દ્વારા દેવની નજીક જવાની મહેનત કરીશ. (હેતલબેન- વલસાડ)

## ૨:૭ શ્રેણીનો શિષ્યપણાનો તાલિમ સેમિનાર

તા.૨૩ થી ૨૬ ઑક્ટોબર, ૨૦૨૪ દરમ્યાન લવચાલી, ડાંગ ખાતે ૨:૭ શ્રેણીનો શિષ્યપણાનો સેમિનાર કરવામાં આવ્યો. શ્રી સુભાષભાઈ ચૌધરી ઈન્ડિયન ફુલ ગોસ્પલ ચર્ચના લવચાલીના પાળક છે તેમજ ડાંગ વિસ્તારની બધી મંડળીઓના મુખ્ય આગેવાન હોય તેમના દ્વારા આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું. આ સેમિનારમાં શિક્ષણની સેવાઓમાં જીવન સંદેશ સ્ટાફ શ્રી રેનીસન ક્રિશ્ચિયન, શ્રી જેક્સન ક્રિશ્ચિયન અને શ્રી ઈનોક ક્રિશ્ચિયન સાથે શ્રી આર્નોન ક્રિશ્ચિયન પણ જોડાયેલ હતા. લગભગ ૨૫ વ્યક્તિઓ ત્રણ દિવસ નિયમિત હાજરી આપી. તેઓના વધુ અભ્યાસ અર્થે વર્કબુક, અન્ય સેશનની ઝેરોક્ષ અને શિષ્યપણાની રચનાનું પુસ્તક આપવામાં આવ્યું, તેમજ જીવનસંદેશ દ્વારા તૈયાર કરેલ હેન્ડ બેગ પ્રેમભેટ તરીકે આપવામાં આવી.

**પ્રતિભાવ....**

૧. આ સેમિનારમાં હું શાંત સમય કેવી રીતે ફાળવવો, વચન અને પ્રાર્થના દ્વારા પ્રભુ સાથે કેવી રીતે પ્રાર્થના કરવી એ શીખી શક્યો, સાથે પ્રભુ સાથે જોડાણ વધુ તાજુ કરી શક્યો. આ સેમિનારમાં મેં નિર્ણય કર્યો કે બાઇબલ અભ્યાસ નિયમિત કરીશ અને તેનું મનન પણ નિયમિત કરીશ, અને ઈશ્વરના વચનને આધીન થઈશ. (રોશન ચૌધરી)

૨. આ સેમિનારમાં હું શીખી શક્યો કે પ્રભુના વચન સાથે સમય ફાળવવાનો તેનો પુરતો અભ્યાસ કરવાનો છે. આ સેમિનારમાં મને ઈશ્વરના વચનોનું લાગુકરણ કેવી રીતે કરવું તે શીખવાનો લાભ મળ્યો. તેમજ નિર્ણય કર્યો કે ઈશ્વરની વાત બીજાઓને પણ શીખવીશ. શિષ્યપણાના સેમિનાર દ્વારા શીખવા મળ્યું કે, ઈશ્વરના વચનોને કેવી રીતે આધિન થવું. (વિશાલ રાઠોડ)

૩. આ સેમિનારના શિક્ષણ દ્વારા ઈશ્વરની સંગત, બાઇબલ અભ્યાસ કેવી રીતે વાંચવું, અને કેવી રીતે સમજવું તે શીખી શકી. આ શિક્ષણ દ્વારા ઈશ્વરના વચનોથી મને વ્યક્તિગત લાભ થયો અને નવીં હિંમત પ્રાપ્ત થઈ. મેં નિર્ણય લીધો છે કે, ઈશ્વરની સેવામાં, વચનમાં અંત સુધી ટકી રહેવા પ્રયત્નશીલ રહીશ. (નિશાબેન દેશમુખ)

૪. આ સેમિનારમાં અમે શીખી શક્યા કે, કેવી રીતે બાઇબલ વાંચન કરવું, અને કેવી રીતે વચનનું પાલન કરવું તેમજ આ શિક્ષણ દ્વારા આત્મિક દિલાસો, હિંમત તેમજ નવી ઉમ્મીદ પ્રાપ્ત થઈ. આ સેમિનાર દ્વારા ઈશ્વર સાથે ચાલવાનું નક્કી કર્યું, અને પ્રભુની વાત બીજાઓને શીખવીશ. (મીનાબેન પવારા)

૫. આ સેમિનાર દ્વારા હું શિષ્ય વિશે, મંડળીમાં વચનો દ્વારા બીજાઓને શીખવવાનું, બાઈબલનું કેવી રીતે અભ્યાસ કરવાનું તેનું મનન કરવું તે શીખી શકી. હું નિયમિત બાઇબલ અભ્યાસ કરીશ. પુલના ઉદાહરણમાં શીખવ્યું કે કેવી રીતે ઈશ્વરના સંબંધમાં રહેવું એ ખાસ વાત શીખી શકી. (સરલાબેન દેસાઈ)

## આપની સેવામાં

જીવન સંદેશ સેવાક્ષેત્રને ગુજરાતી જુદી જુદી મંડળીના પાળક સાહેબો, તથા આગેવાનો દ્વારા તથા સંસ્થાઓના આગેવાનો દ્વારા જે સાથ, સહકાર અને ઉત્તેજન પ્રાપ્ત થયા છે તે માટે અમે પ્રભુનો તથા તમામ આગેવાનો અને પાળક સાહેબોનો અંતઃકરણથી આભાર માનીએ છીએ. જીવન સંદેશ સેવા કાર્યનો મુખ્ય હેતુ જીવનોને પ્રભુના રાજ્ય માટે બાંધવાનો તથા સુસજ્જ કરવાનો છે. જીવન સંદેશ તરીકે અમે આપની મંડળી અથવા સંસ્થાઓની આધ્યાત્મિક ઉન્નતિ માટે સેવામાં સંકળાયેલા ભાઈ બહેનો તથા લેમેન ભાઈઓ-બહેનોના આધ્યાત્મિક વિકાસ માટે તથા તેમને મંડળીની સેવામાં વધુ પરિપકવતા તરફ વૃદ્ધિ પામવા માટે અને નીચેના ક્ષેત્રમાં આપની સેવા કરવા તૈયાર છીએ.

૧. યુગલોના જીવનોને સુદૃઢ કરવા તથા તેમના સંબંધોને વિકસાવવા માટે વ્યવહારૂ શિક્ષણ "યુગલ સમૃદ્ધિ શિક્ષણ સેમીનાર".
૨. આધ્યાત્મિક નેતાગીરી માટે સુસજ્જ બનવા "૨:૭ શ્રેણી"નો શિષ્યપણાનો તાલીમ અભ્યાસ.
૩. નવા વિશ્વાસીઓ માટે પદ્ધતિ અને પત્ર વ્યવહાર દ્વારા કરવાનો અભ્યાસક્રમ.
૪. બહેનોના જીવનોને સ્પર્શતા જુદા જુદા ક્ષેત્રોને ધ્યાનમાં રાખી તેઓને શિક્ષણ આપવા માટેના સેમીનાર અથવા રીટ્રીટ.

ઉપરના તમામ ક્ષેત્રોમાં રીટ્રીટ કે સેમીનારના આયોજન માટે જીવન સંદેશ તરીકે અમે પૂરેપૂરો સાથ અને સહકાર આપવા તૈયાર છીએ. વધુ માહિતી માટે જીવન સંદેશ ઓફિસનો સંપર્ક કરવો.

## ખાસ આભાર

જીવનસંદેશની સેવામાં સ્વૈચ્છિક સેવા આપનાર ભાઈઓ-બહેનો માટે પ્રભુનો આભાર. માનીએ છીએ. ઘણા વ્યક્તિઓ અને કુટુંબો જીવનસંદેશની શરૂઆતથી સંકળાયેલા છે માટે તેઓનો અને પ્રભુપિતાના આભારી છીએ. જીવનસંદેશ સંપૂર્ણ રીતે દાન પર આધારિત સંસ્થા છે ત્યારે જીવનસંદેશની સેવામાં મહત્વનો ફાળો દાન ઉઘરાવનાર વ્યક્તિઓનો છે. આ વ્યક્તિઓ દર મહિને ૧૦૦ થી વધુ લોકોના ઘરે જઈને જીવનસંદેશ માટે દાન ઉઘરાવી રહ્યા છે. જીવનસંદેશ આ વ્યક્તિઓનો હૃદયથી આભાર માને છે. જેઓની સેવા થકી જીવનસંદેશ આજે વૃદ્ધિ પામી રહી છે. આ પ્રભુના સેવક સેવિકાઓને અને તેમના કુટુંબોને પ્રભુ આશીર્વાદિત કરે એ જ હૃદયની પ્રાર્થના છે. નીચે જણાવેલ વ્યક્તિઓ દાન ઉઘરાવવાની સેવામાં જોડાયેલ છે.

શ્રી મધુભાઈ આઈ. ક્રિશ્ચિયન
રેવ. ફિલીપભાઈ ક્રિશ્ચિયન
શ્રી વિનોદભાઈ પી. ક્રિશ્ચિયન
શ્રી જસ્ટીનભાઈ ક્રિશ્ચિયન
શ્રીમતી પર્લીના સુમનભાઈ ક્રિશ્ચિયન
શ્રીમતી રાહેલબેન ક્રિશ્ચિયન
શ્રીમતી મીનાક્ષીબેન ક્રિશ્ચિયન
શ્રીમતી પીન્કીબેન ક્રિશ્ચિયન

## -: જીવન સંદેશ સ્ટુડિયો અને ઓફિસ રીનોવેશન :-

૧૯૬૨થી જીવનસંદેશની સેવાઓની શરૂઆત કરવામાં આવી. રેડિયો પર પ્રસારિત કાર્યક્રમો જીવનસંદેશના સ્ટુડિયોમાં તૈયાર કરવામાં આવે, એડિટ કરવામાં આવે અને ત્યાર બાદ પ્રસારિત સંસ્થાઓને મોકલવામાં આવતો હતો. સમય જતાં જીવનસંદેશ સ્ટુડિયો અને ઓફિસ જુદી જુદી જગ્યાઓ પર હતી, પરંતુ ૧૯૮૭ માં રેવ. એન્ટઝ અને અલાયન્સના આગેવાનો તેમજ ગુજરાત અલાયન્સ સિનડ અને બેઉલાહ ચર્ચના સહકારમાં બેઉલાહ ચર્ચના ધાબા પર જીવનસંદેશ ઓફિસ અને સ્ટુડિયો બાંધવામાં આવ્યો. જે આજ દિન સુધી કાર્યરત છે.

બેઉલાહ અલાયન્સ ચર્ચ દ્વારા નક્કી કરવામાં આવ્યું કે, ચર્ચ બિલ્ડીંગનું રીનોવેશન કરવામાં આવે. હવે જો ચર્ચ રીનોવેશન થાય તેમાં જીવનસંદેશ સ્ટુડિયો અને ઓફિસનું રીનોવેશન થાય એવું આર્કિટેક દ્વારા જણાવવામાં આવ્યું. આથી જીવનસંદેશ બોર્ડ તેમજ જીવનસંદેશ સોસાયટી દ્વારા નક્કી કરવામાં આવ્યું. જીવનસંદેશ સ્ટુડિયોનું રીનોવેશન કરવામાં આવે.

જીવનસંદેશ સ્ટુડિયોનું રીનોવેશન કાર્યમાં કુલ અંદાજિત ખર્ચ ૧૦ લાખ થવાની શક્યતા છે. જેમાં સ્ટુડિયોનો પાછલી દિવાલનો ભાગ તોડીને લંબાઇ વધારવી, ધાબાનું કામ, સ્ટુડિયોને ફરીથી સાઉન્ડ પ્રફુ કરવો, ઈલેક્ટ્રીક, ફર્નિચર વગેરે કામનો સમાવેશ કરવામાં આવશે.

આ ભગીરથ કાર્યમાં જીવનસંદેશને પ્રાર્થના તથા દાનની જરૂરિયાત છે. જો આપ આપના દાન આપવા માંગો છો તો અમારો સંપર્ક કરશો.


હાલ જીવન સંદેશ સ્ટુડિયો અને ઓફિસ શ્રી રીચાર્ડસન મેક્વાન, ૧૭-એ, હિરાબાગ સોસાયટી, સી.ટી.એમ., અમદાવાદ ખાતે ૨૭ ઑગસ્ટ, ૨૦૨૩થી કાર્યરત છે.

ભાઈ રીચાર્ડસન તેમજ તેમના પિતા એલેક્ષઝાન્ડરભાઈ અને સમગ્ર પરિવારના ખૂબ આભારી છીએ. જેમણે નિઃશુલ્ક પોતાની આ જગ્યા જીવનસંદેશને વાપરવા આપી છે. પ્રભુએ આવા પરિવાર જીવનસંદેશને આપ્યા છે માટે પ્રભુનો અને તેમના આભારી છીએ.

આપ આપનું દાન બેંક ટ્રાન્સફર્સ દ્વારા અમારા બેંક એકાઉન્ટમાં જમા કરાવી શકો છો. જેની પહોંચ આપને મોકલી આપવામાં આવશે.

★ બેન્ક : સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા (૦૧૦૩૮) મણિનગર.
★ બેન્કનું સરનામું : રામજી મંદિર સામે, પુનિત આશ્રમ રોડ, મણિનગર, અમદાવાદ-૩૮૦૦૦૮.
★ બેંક એકાઉન્ટ : જીવન સંદેશ મિનિસ્ટ્રીઝ
★ **A/c No. : 10246210913 •**
**Bank IFS Code : SBIN0001038**
★ નોંધ : આપ જ્યારે બેંક દ્વારા દાન મોકલાવો ત્યારે તેની જાણ અમને ફોન દ્વારા અથવા મેઈલ દ્વારા અવશ્ય કરવા વિનંતી છે.
★ મો. નંબર : ૦૯૩૨૭૦ ૩૫૦૬૭ (ઈનોક ક્રિશ્ચિયન)
**E-mail : jsm2277@gmail.com**

**નોંધ : આ બેંક ટ્રાન્સફર પરદેશમાંથી દાન મોકલવા માટે નથી. પણ જો આપ દાન આપવા માગો છો તો જીવન સંદેશના ઈ-મેઈલ અથવા ફોન દ્વારા સંપર્ક કરવા વિનંતી.**


Marriage Enrichment Seminar - lavchali Dang
DS Teaching - Khedbramha
Lavchali Dang


Donners Fellowship
Hing Fellowship
Felicitation &
Dedication
Ceremony
Mahila Shibir